મહત્તમ : ૩૧.૨ ડીગ્રી
લઘુતમ : ૧૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૪૩ ટકા

**ગાંધીનગર તાપમાન**

# સિવિલમાં કેસ અને દવા બારી વધારવામાં આવશે

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કેસ માટે ટોકન પધ્ધતિ હોવા છતા પણ દર્દીઓની લાંબી કતારો જોવા મળે છે. ત્યારે અગાઉ આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓની કરેલી સુચનાને અનુલક્ષી આખરે સિવિલ તંત્ર દ્વારા કેસ પેપરની બારીઓ વધારવામાં આવનાર છે. જયારે તેની સામેની બાજુએ દવાઓનો અલાયદો સ્ટોર ઉભો કરવામાં આવશે. જયા દવાની બારીઓ પણ વધારવામાં આવશે.

સરકારી હોસ્પિટલનું નામ આવે એટલે દરેક વ્યકિતને એમ જ હોય કે દર્દીઓની લાંબી લાઈનો લાગી હોય, એકબાજુ ગંદકી ખદબદતી હોય તો બીજી તરફ અસહ્ય દુર્ગંધ મારતી હોય તેવા નજારા જોવા મળે, પરંતુ આ બધાની વચ્ચે ગાંધીનગર સિવિલની સ્થિતિ જોવા જઈએ તો સિવિલમાં ખાસ કરીને તંત્ર દ્વારા સફાઈ પર ખાસ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. જેથી અંદરની બાજુ ખાસ ગંદકીનો પ્રશ્ન ઉભો થતો નથી. પરંતુ કેસ પેપરમાં ટોકન પધ્ધતિ અમલમાં આવવા છતા દર્દીઓની લાંબી કતારો કેસ બારીઓ પરથી ઓછી થવાનું નામ લેતી નથી. આવી જ પરિસ્થિતિ દવાની બારીની પણ છે ઓપીડી વિભાગ દર્દીઓથી ખીચોખીચ ભરાયેલો નજરે પડી રહ્યો છે. ત્યારે દવા અને કેસની લાઈનો ઓછી કરવા માટે સિવિલના સત્તાધિશોને આરોગ્યના ઉચ્ચ અધિકારીઓ દ્વારા સુચના આપવામાં આવી હતી. આ સુચનાને ધ્યાને રાખીને સિવિલ તંત્ર દ્વારા કેસ બારી અને દવાની બારીની ડીઝાઈનમાં થોડો ફેરફાર કર્યો છે. જે માટે ટેન્ડર પણ કરી દેવાયા છે. અને ચુંટણી બાદ હવે વર્ક ઓર્ડર પણ આપી દેવામાં આવશે. અત્યારે હાલના સમયે જયાથી કેસ નીકળે છે તે સ્થળે જ બારીઓની સંખ્યા વધારીને વધુ ઓપરેટરો મુકીને ત્યાં દર્દીને લાઈનમાં ન ઉભુ રહેવું પડે તે ઝડપે કેસ નીકળે તેવી વ્યવસ્થા કરવામાં આવનાર છે. કેસ બારીની સામે દવાનો સ્ટોર તેમજ છ જેટલી બારી મુકવામાં આવશે. જેથી દર્દીઓને લાંબી લાઈનનો સામનો ના કરવો પડે તે માટે તંત્ર દ્વારા એકશન પ્લાન ઘડી કાઢવામાં આવ્યો છે.ત્યારે જોવું રહ્યું કે આ પ્લાનથી દર્દીઓની લાઈનમાં ઘટાડો થાય છે કે કેમ.





## ચિલોડામાં દર રવિવારે ભરાતું મીની ગુજરી બજાર

અમદાવાદના પ્રખ્યાત અને યાદગાર ગુજરી બજારની જેમ ગાંધીનગરના ચિલોડા સર્કલે પણ દર રવિવારે ગુજરી ભરાય છે. સિઝન પ્રમાણેની ચીજવસ્તુઓ તેમજ રેડીમેઈડ કપડાં સાથે બહારથી વેપારીઓ રવિવારે વહેલી સવારથી પાથરણાં લગાવી દે છે. આ ગુજરી બજારને લોકો તરફથી જબરદસ્ત પ્રતિભાવ મળી રહેતા સમયાંતરે તેમાં વધારો થઈ રહ્યો છે. ગરીબ, મધ્યમ અને અમીર વર્ગ પણ આ મીની ગુજરી બજારમાં ભેદભાવ વગર ખરીદી કરી શકે છે. દરેક પ્રકારની ચીજ વસ્તુઓ ઉપલબ્ધ બની રહેતાં લોકો રવિવારે અહીં ખરીદી અર્થે ઉમટે છે. ચિલોડા એપ્રોચ તથા સાદરા એપ્રોચ ઉપર આ બજારને સ્થાનિક વેપારી વર્ગ પણ સહકાર પૂરો પાડે છે. ચિલોડા પંથકમાં આ મીની ગુજરી બજાર પ્રશંસાપાત્ર અને આવકારદાયક બન્યું છે. જીએસટી કે અન્ય માથાકૂટ વગર પસંદીતા ચીજવસ્તુઓ વ્યાજબી ભાવે મળી રહેતા લોકોમાં આ બજાર હોટ ફેવરીટ બન્યું છે.

# ખાત્રજ પાસેથી કાર ચેકીંગમાં રૂ.૯.૬૦ લાખ કેશ પકડાઈ

**સ્ટેટીક સર્વેલન્સની ટીમે વાહન ચેકીંગ દરમિયાન કેશ લઈને જતા કારચાલકને પકડયાઃ પ્રાથમિક તપાસમાં કેશ શંકાસ્પદ ન હોવાનું જાણવા મળ્યું : ઈન્કમટેક્ષને જાણ કરવામાં આવી**

ગાંધીનગર, તા.૨૪

ચુંટણી અનુસંધાને સ્ટેટીક સર્વેલન્સ ટીમો જિલ્લામાં અલગ અલગ સ્થળોએ આકસ્મિક ચેકીંગ કરી રહી છે ત્યારે લેકાવાડા પાસેથી ત્રણ દિવસ પહેલા રૂ. ૯.૯૬ લાખ સાથે એક સંભવિત ઉમેદવારને પકડયા બાદ જિલ્લાની સ્ટેટીક સર્વેલન્સ ટીમે છત્રાલ પાસે વાહનચેકીંગ દરમિયાન રૂ. ૯.૬૦ લાખ કેશ સાથે એક કાર ચાલકને પકડયા છે. જો કે પ્રાથમિક તપાસમાં તે વેપારી હોવાનું અને રાજકીય બાબતો સાથે કોઈ નિસ્બત ન હોવાનું જાણવા મળતા ઈન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટને જાણ કરવામાં આવી છે. જે અંતર્ગત વધુ તપાસ શરુ કરી છે.

સ્ટેટીક સર્વેલન્સની ટીમ કલોલ તાલુકાના ખાત્રજ ચાર રસ્તા પાસે આજે બપોરે સવા બે વાગ્યાના અરસામાં વાહન ચેકીંગમાં હતી તે દરમિયાન કડી તરફથી આવી રહેલી એક કાર અમદાવાદ બાજુ જઈ રહી હતી તેના પર શંકા જતા કાર સાઈડ કરાવીને સ્ટેટીક સર્વેલન્સ ટીમે ચેકીંગ કર્યું હતું. કારમાં તપાસ કરતા અંદરથી રૂ. ૯,૬૦,૦૦૦ રોકડ મળી આવતા ટીમ પણ ચોંકી ગઈ હતી. આ રૂપિયા અંગે પુછપરછ કરતા કાર ચાલકે સંપુર્ણ સહકાર આપ્યો હતો અને જણાવ્યું હતું કે તે એક બીજ કંપનીનો માલિક છે. કડી, હિંમતનગર ખાતે તેના ગોડાઉન છે અને ખેડુતોને રૂપિયા ચુકવીને જઈ રહ્યો છે. તે ઉપરાંત કોઈ રાજકીય પક્ષ સાથે તેને સંબંધ નથી. પ્રાથમિક તબક્કે આ વ્યકિતનો વિશ્વાસ કરી કાંઈ શંકાસ્પદ ન હોવાનું માની સ્ટેટીક સર્વેલન્સની ટીમે આ મામલે ઈન્કમટેક્ષ વિભાગને જાણ કરી રૂપિયા અંગે તપાસ કરવા જણાવ્યું છે.

## સોમવારે સારેગામા ગુજરાતનું આખરી ઓડીશન યોજાશે

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના સ્મિત મ્યુઝિક સ્ટુડિયો દ્વારા પીડીપીયુ ખાતે 'સારેગામા-ઓપન ગુજરાત સિંગિંગ કોમ્પિટીશન ૨૦૧૭'ના બીજા અને આખરી રાઉન્ડનું આયોજન તા. ૨૭મી નવેમ્બરના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે આયોજન કરવામાં આવ્યું છે. આ ઓડીશનમાં જેમણે રજીસ્ટ્રેશન કરાવ્યું હોય તે ઉપરાંત નવા ઈચ્છુકને ભાગ લેવા માટે આખરી તક રહેશે.

સારેગામા-ગુજરાત ઓપન સિંગિંગ કોમ્પિટીશન ૨૦૧૭ માટે પહેલા રાઉન્ડના ઓડીશન્સને પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડયો હતો. આ સ્પર્ધાના આયોજક અમદાવાદ ખજાના નેટવર્કનો ઉદ્દેશ ઉત્કૃષ્ટ પ્રતિભાઓને પ્રકાશમાં લાવી તક આપવાનો છે. આ સ્પર્ધા માટે ગાંધીનગર ઉપરાંત અમદાવાદ,વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર અને ગાંધીધામ ખાતે ઓડીશન્સના આયોજન કરાયા છે અને સ્પર્ધાની મેગા ફાઈનલ અમદાવાદ ખાતે યોજાશે તેવું સ્મિત મ્યુઝિકના સંચાલકો જયોતિ ગજ્જર તથા ભરત ગજ્જરે જણાવ્યું હતું.

## સે-૨૮ રંગ અવધૂત પરિવાર દ્વારા ધૂન યોજાશે

ગાંધીનગર, તા.૨૪

પરમ પૂજય શ્રી રંગ અવધુત મહારાજશ્રીના ૫૦માં નિર્વાણ દિન નિમિતે પૂજય રંગ અવધૂત મહારાજ તા.૭-૧૨-૧૭ ગુરુવારના રોજ નારેશ્વર મુકામે રંગ અવધૂત રે રંગ અવધૂત નારેશ્વરનો નાથ રંગ અવધૂતની ધૂન બપોરના ૧૨ તી ૫ કલાક નારેશ્વર મુકામે રાખવામાં આવેલ છે. તે અંતર્ગત રંગ અવધૂત ગાંધીનગર દ્વારા જે ભકતોને જોડાવું હોય તેમને દત્ત મંદિર ખાતેથી લકઝરી બસની વ્યવસ્થા કરવામાં આવી છે. તો દત્ત મંદિરનો સંપર્ક સાધવા રંગ અવધૂત પરિવાર ગાંધીનગરના પ્રમુખે અનુરોધ કર્યો છે.

## વાહનચોરીના ગુનામાં વધુ એક ટીનએજર પોલીસના હાથે ઝડપાયો...!

**ચોરીના ગુનામાં પકડાયેલાની તાજેતરની યાદીમાં મોટા ભાગના ૧૪ થી ૧૭ વર્ષના સગીર : મોજશોખ પુરા કરવા માટે ટીનએજર્સ ગુનાખોરી તરફ વળ્યા હોવાનો ચોંકાવનારો પોલીસ રેકર્ડ**

ગાંધીનગર, તા.૨૪

ફાસ્ટ અને હાઈટેક લાઈફ સ્ટાઈલ વચ્ચે સ્વાભાવિક રીતે મોટા ભાગના પેરેન્ટસ પોતાના સંતાનો તરફ ઓછું ધ્યાન આપી રહ્યા છે. શાળાએ જતો દિકરો નાની-મોટી ખરીદી કરી આવે કે સિનેમા કે અન્ય ખાણી-પીણીના સ્થળોએ ખર્ચા કરી આવે તો પોકેટ મનીથી વધુ રૂપિયા ખર્ચ કરી આવ્યો છે કે કેમ? તેની તપાસ કરવાની તસ્દી પેરેન્ટસ દ્વારા લેવાતી નથી. જો વધુ રૂપિયા ખર્ચે છે તો બાકીના રૂપિયા કયાંથી આવે છે? તે જાણવા પ્રયત્ન થાયતો કદાચ દિકરાએ આડા રસ્તે ચઢવાની દિશામાં પકડી હોય તો તેને પહેલેથી જ ત્યાંથી વાળી શકાય છે. આ મુદ્દો છંછેડવાનું કારણ એ છે કે તાજેતરમાં ચોરી કરતા પકડાયેલા આરોપીઓની યાદી પોલિસ પાસેથી મેળવી તો જાણવા મળ્યું કે મોટાભાગના પકડાયેલા આરોપીમાં ૧૪ થી ૧૭ વર્ષના ટીનએજર્સ છે. ગઈ કાલે એલસીબીએ એક કિશોરને સીસીટીવી કેમેરાની ચોરીમાં પકડયો હતો અને આજે વધુ એક કિશોરને વાહનચોરી કરવાના ગુનામાં પકડયો છે. મોજશોખ પુરા કરવા ગુનાખોરી તરફ વળી રહેલા ટીનએજર્સ ભદ્ર સમાજ અને પેરેન્ટસ માટે લાલબત્તી સમાન છે. ઉછેરમાં યોગ્ય ધ્યાન આપવામાં નહી આવે તો દિકરો હાથમાંથી કયારે છુટી જશે ખ્યાલ નહીં આવે...!

ગાંધીનગર એલસીબીની ટીમ દ્વારા એકાદ મહિનામાં પકડવામાં આવેલા ચોરીના ગુનાના આરોપીઓમાં ચાર થી પાંચ એવા હતા જે માઈનોર (સગીર ) હતા. વાહનચોરી, સીસીટીવી કેમેરા ચોરી ઉપરાંત દારૂની હેરાફેરીના ગુનાઓમાં પણ સગીર જોવા મળ્યા છે. આ એક ચોંકાવનારી બાબત છે. તો બીજી તરફ એસઓજીની ટીમે પણ તાજેતરમાં એક વાહન ચોરી ડીટેકટ કરી હતી તેમાં સગીરનું નામ ખુલ્યું હતું. આ તમામની પુછપરછમાં બહાર આવ્યું હતુ કે ચોરી બાદ ઉભા કરેલા રૂપિયા મોજશોખ પાછળ વાપરતા હતા આજે પણ એલસીબીની ટીમે એક વાહન ચોરી ડીટેકટ કરી..! તેમાં પણ એક સગીરનું નામ ખુલ્યું છે. સગુન પાર્ટી પ્લોટ ખાતે પાર્ક કરેલા પલ્સર બાઈકની ચોરીમાં તેની અટકાયત કરવામાં આવી છે.

## રવિવારે 'રંગ રસીયા જરા આટલેથી અટકો' નાટક ભજવાશે

ગાંધીનગર,તા.૨૪

ગાંધીનગરના એનીટાઈમ મસ્તી કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા આગામી તા. ૨૬મી ડિસેમ્બર રવિવારે રાત્રે ૮.૩૦ કલાકે સેકટર-૧૭માં ટાઉનહોલ ખાતે હાસ્યના હુલ્લડ સમા પારિવારિક કોમેડી નાટક 'રંગ રસીયા જરા આટલેથી અટકો'નું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સહયોગથી આયોજિત આ નાટક ડાયમન્ડ સીટી પ્રોડકશન દ્વારા નિર્મિત છે જેના નિર્માતા-દિગ્દર્શક તેજસ ટેલર અને લેખક વિલોપન દેસાઈ છે તથા તેનું સંગીત શૌનક પંડયાએ આપ્યું છે.

નીતીન મોર્ય, ભાવિન વૈધ, દેવાંગી ભટ્ટ, મેઘા સીયારામ, શિવાની સોપારીવાલા, તોરલ શર્મા અને રાજીવ પંચાલ અભિનિત આ કોમેડી નાટકમાં સેટ ડિઝાઈન ચેતન કણીયા, કોસ્ચ્યુમ વિરાગ શાહ, લાઈટ મિતુલ લુહાર, મેકઅપ અર્ચા સોમૈયા અને ડિઝાઈન ડૉ. વિદુર દ્વારા અપાઈ છે. નેતથ્યમાં અમીતા પટેલ, ઉન્નતિ બ્રહ્મભટ્ટ, બેલા ભાવસાર અને કેનીશ ટેલરે જહેમત ઉઠાવી છે. એટીએમ કલ્ચરલ ફાઉન્ડેશન દ્વરા આ નાટક સંસ્થાના સભ્યો તથા આમંત્રિતો માટે આયોજિત કરવામાં આવ્યું છે.



## ગાંધીનગર ઉત્તરમાંથી 'આપ'ના ગુણવંત પટેલે ઉમેદવારી ફોર્મ ભર્યું

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠક પર આમ આદમી પાર્ટીના જાહેર કરવામાં આવેલા ઉમેદવાર કોલવડાના ખેડુત ગુણવંતભાઈ પટેલે ગઈ કાલે સે-૨૪થી કલેકટર કચેરી સુધી રેલી યોજી હતી. જો કે કેટલાક કારણોસર ગઈ કાલે ગુણવંત પટેલ ઉમેદવારી ફોર્મ ભરી શકયા ન હતા. આજે ગુણવંતભાઈ પટેલે ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠક પરથી ઉમેદવારી પત્ર ભરીને ચુંટણીની તૈયારીઓ શરુ કરી દીધી છે.

# ગાંધીનગર ઉતર બેઠક માટે બહુજન સમાજ પાર્ટીમાંથી ગોંવિદભાઈ રાઠોડ ઉમેદવાર

ગાંધીનગર, તા.૨૪

સમગ્ર ગુજરાત રાજકીય રંગે રંગાયું છે. ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો મોટાભાગના જાહેર થઈ ગયા છે. ગાંધીનગર જિલ્લામાં રાજકીય પક્ષોના ઉમેદવારો જાહેર કરવામાં વિલંબ કરી રહ્યા છે. માત્ર માણસા બેઠક માટે ભાજપે ઉમેદવાર જાહેર કર્યા છે. તો બીજી તરફ બહુજન સમાજ પાર્ટીના ગોંવિદભાઈ મોહનભાઈ રાઠોડે ગાંધીનગર ઉતર બેઠક માટે દાવેદારી નોંધાવી છે. બહુજન સમાજ પાર્ટી ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠક પરથી ચુંટણી લડશે. ગાંધીનગર કલેકટર કચેરી ખાતે આવતા પહેલા બસપાના ઉમેદવારે સંત રોહીદાસ મંદિરે જઈ માથું ટેકવ્યું હતું. ત્યારબાદ બસપાના ઉમેદવાર વાજતે ગાજતે ફોર્મ ભરવા આવ્યા હતા. ગોંવિદભાઈ રાઠોડ ગાંધીનગર ઉતર બેઠકના મજબુત દાવેદાર ગણવામાં આવે છે. રાજકીય પક્ષોના મતના આંકડાના ગણિત ઉંધા પાડે તેવી



શકયતાઓ છે. ગાંધીનગર બેઠક પર ભાજપ-કોંગ્રેસ, આપ, બસપા તેમજ અન્ય અપક્ષ ઉમેદવારો વચ્ચે ચુંટણીનો કશ્મકશનો જંગ જામશે. બસપાના ઉમેદવારો જિલ્લાની તમામ બેઠક પરથી લડતા હોવાથી પ્રતિસ્પર્ધી તરીકે અન્ય ઉમેદવારોને હંફાવી શકે છે. જયારે દહેગામ વિધાનસભા બેઠક પરથી રમણલાલ સોનારાએ બહુજન સમાજ પાર્ટી તરફથી ઉમેદવારી નોંધાવી હતી. આ પ્રસંગે બંન્ને ઉમેદવારો મોટીસંખ્યામાં કાર્યકરો સાથે ઉમટી પડયા હતા. આ પ્રસંગે બસપાના ગુજરાત પ્રદેશના કોષાધ્યક્ષ ડી.એસ.વાઘેલા, જિલ્લા પ્રભારી પ્રવિણ વાઘેલા, પૂનમભાઈ મકવાણા, જિલ્લા પ્રમુખ ચિરાગ પરીખ, દક્ષિણ વિધાનસભાના પ્રભારી દિપરાજ મહેરા તેમજ કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ત્યારે ગાંધીનગર જિલ્લાની તેમજ ગાંધીનગરની બેઠક પર સૌની નજર મંડરાયેલી છે. હજુ સુધી ઉમેદવાર જાહેર કરવામાં પાર્ટીઓ વિલંબ કરી રહી છે. ત્યારે કયા પક્ષમાંથી કયા ઉમેદવાર ગાંધીનગર ઉતર બેઠક પર આવશે તેની ચર્ચા ચારેકોર થવા પામી છે. ત્યારે ઉમેદવારની પસંદગી પ્રક્રિયામાં પણ કયાય કચાશ રહી ન જાય તેનું પણ ખાસ ધ્યાન રાજકીય પાર્ટીઓ દ્વારા રાખવામાં આવી રહ્યું છે. ત્યારે ઉમેદવારો જાહેર થતા જ શહેરમાં રાજકીય ગરમાવો જામશે.

## દત્ત બાવનીના પાઠ યોજાશે

દત્ત બાવની ભવન સિધ્ધનાથ મહાદેવ સઈજ કલોલ મુકામે તા. ૩-૧૨-૧૭ ને રવિવારના રોજ સવારે ૮ થી ૧૧.૩૦ કલાકે દત્ત બાવનીના પાઠ રાખવામાં આવેલ છે. તો ભકતોએ લાભ લેવા પરિવાર દ્વારા અનુરોધ કરાયો છે.

## ગાંધીનગર વસાહતી બેતાલીસ ગામ વણકર સમાજ દ્વારા દ્વિતીય પસંદગી મેળાનું આયોજન

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર વસાહતી બેતાલીસ ગામ (પાંચગોળ) વણકર સમાજ ગાંધીનગર દ્વારા દ્વિતીય પસંદગી મેળાનું આયોજન આગામી તા. ૨૪-૧૨-૧૭ ને રવિવારના રોજ બપોરે ૨ થી ૬ કલાક દરમિયાન ડો.બાબા સાહેબ આંબેડકર ભવન સેકટર-૧૨ ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે.તો ગોળ -પરગણા બાદ સિવાય ગુજરાતના તમામ વણકર સમાજના ભાઈઓ ભાગ લઈ શકે છે. આ પસંદગી મેળાના ફોર્મ મેળવવા માટે મો નં- ૯૮૯૮૬૩૦૫૫૬, ૯૯૩૩૭૦૧૩૩૧, પર સંપર્ક કરવા સમાજના મહામંત્રી ડો. એ.એસ. સોલંકીએ જણાવ્યું છે.

# ચિલોડાના હેત જાનીએ માઉન્ટ એવરેસ્ટ ટ્રેડીંગમાં ૨૨૦૦૦ ફૂટની ઊંચાઈ સર કરી

ચિલોડા, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના ચિલોડા પુનમ બંગ્લોઝ સોસાયટી ખાતે રહેતા સૌથી નાની વયનો ૧૮ વર્ષીય હેત જાનીએ નહેરૂ ઈન્સ્ટીટયુટ ઓફ માઉન્ટરીંગ ઉત્તરકાશી (નીમ)નાં નેતૃત્વ હેઠળ માઉન્ટ એવરેસ્ટ ટ્રેડીંગમાં ૨૨૦૦૦ ફૂટની ઊંચાઈએ સફળતાપૂર્વક સર કરી ગુજરાત તેમજ ગાંધીનગર જિલ્લાનું નામ રોશન કરવામાં ઉચ્ચત્તમ સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

મન હોય તો માળવે જવાય -ઉક્તિને ચરિતાર્થ કરતો હેત જાની વિશ્વનાં સૌથી ઊંચા શિખર માઉન્ટ એવરેસ્ટ (સાગર મથ્થા) કે જે સમુદ્રતળથી ૨૯૦૨૮ ફૂટની ઊંચાઈએ આવેલુ શિખર સર કરી, ગુજરાત અને ગાંધીનગરનું નામ અંકિત કરવા માટે ખૂબ હિંમતપૂર્વક તનતોડ મહેનત કરી રહ્યો હતો. માત્ર ૧૮ વર્ષની ઉંમરે ૨૨૦૦૦ ફૂટની ઊંચાઈએ પગ મુકનાર હેત જાની ગુજરાત રાજયનો પ્રથમ પર્વતારોહક છે.

ઉત્તરકાશીથી તોપલા બેઝકેમ્પ, તેલકેમ્પ, ૮૨૦૦ ફૂટ ગુર્જર હન્ટ ૧૧૫૦૦ ફૂટ, બેઝ કેમ્પ, ૧૨૩૦૦ ફૂટ, આઈસ કેમ્પ કે જે ૨૨૦૦૦ ફૂટની ઊંચાઈ ઉપર હેત જાનીએ સફળતાપૂર્વક કઠિન ટ્રેડીંગ પૂર્ણ કરી ૧૯મી નવેમ્બરે ચિલોડા ખાતે પરત ફરતા ચિલોડા ગામના રહીશોએ આવકાર સાથે સન્માનિત કર્યો હતો.

બેઝ કેમ્પ પોઈન્ટની હાઈટ ગેઈન કેમ્પના રસ્તાઓ બે થી ત્રણ ફૂટ માત્ર બરફથી છવાયેલા હતા. ઉપરાંત સતત બરફવર્ષા થતો હોવાથી ટ્રેડીંગ કરવામાં ખૂબ અડચણ આવતાં મહા મુસીબતો વેઠવી પડતી હતી. ૨૦,૦૦૦ ફૂટની ઊંચાઈ બાદ ખૂબ રસ્તા લીસા હોવાથી પગ લપસી જવાના લીધે હેત જાનીને પગમાં સામાન્ય મચકોડ આવતા હિંમતભેર તેણે સફળતાપૂર્વક પૂર્ણ કરી પર્વતારોહકનું સપનુ પરિપૂર્ણ કરેલ છે.

ગુજરાત રાજયના સૌથી નાની વયનાં એકમાત્ર હેતજાની આગામી માર્ચ-એપ્રિલ-૨૦૧૮માં ૨૪૦૦૦ ફૂટની ઊંચાઈએ ટ્રેડીંગ કરવા વધુ ઉત્સુક બનેલ હેતને નહેરૂ ઈન્સ્ટીટયુટ ઓફ માઉન્ટરીંગ ઉત્તરકાશી (નીમ) સંસ્થાના પ્રિન્સીપાલ અજય કોટિયારે હેત જાનીને મેડલ એનાયત કરી ગૌરવપૂર્ણ સન્માનિત કર્યો હતો.



## ચિરવિદાય

- સ્વ. પટેલ મધુબેન ડાહ્યાભાઈ, ઉ.વ. ૫૫
- સ્વ. મિસ્ત્રી પરિક્ષિત મધુસુદનભાઈ, ઉ.વ. ૩૯
- સ્વ. હરીજન રામીબેન બોથાભાઈ, ઉ.વ. ૬૭
- સ્વ. કુંદનબેન ભૂપેન્દ્રભાઈ ચોકસી, ઉ.વ. ૬૩